
**Veer Narmad South Gujarat University, Surat**

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## E-Dakshinayan Newsletter

For Private Circulation Only

Vol. 12, Issue. 219, August 2021

**मैं आप से पूछना चाहूंगा कि किस रुप में याद रखे जाने की आपकी आकांक्षा है ? आप उसे लिख लें। यह कोइ भी महत्वपूर्ण योगदान हो सकता है, चाहे आविष्कार, चाहे संकल्पना, या कोई बदलाव जो आप समाज के लिऐ लाना चाहें, जिसके लिये देश आपको याद करे।**

**– डॉ. अे. पी. जे. अब्दुल कलाम**

## દીપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

આપણા ભારતવર્ષના ૭૫મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે આપ સૌને શુભેચ્છાઓ પાઠવું છું.

મને એ વાતનું ગૌરવ છે કે ભારત વિશ્વનો સૌથી વિશાળ લોકતાંત્રિક સંસદીય વ્યવસ્થા ધરાવતો દેશ છે જેમાં વિવિધ પ્રકારના ધર્મ, ભાષા અને સંસ્કૃતિ સમાવેશ પામે છે. વિશ્વ માટે ભારતીય મતદાતાઓની દૂરદર્શિતા અને પરિપકવતા આશ્ચર્યનો વિષય છે, ભારતીય મતદાતાએ હમેશાં સચેત રીતે પોતાના મતાધિકારનો પ્રયોગ કર્યો છે, અને એ સિધ્ધ કર્યુ છે કે દેશના સંવિધાનને અનુકૂળ, જનતા સંપ્રભુતાસંપન્ન છે અને શકિત તેમની પાસેથી જ આવે છે.

ડો. એ. પી. જે. અબ્દુલ કલામ કહે છે **"मैं राष्ट्र को कया दे सकता हूं ? दूसरे देशों की नजर में गौरव और सम्मान। अपने देश के ऐक अरब देशवासियों के चेहरे पर मुस्कान । यह केवल आर्थिक विकास और शिक्षा के माध्यम से हासिल हो सकता है। गरिमा पाने का सबसे बडा रास्ता शिक्षा है । त्यागवृत्ति के अभ्यास से ही देशवासी विकास की मुख्यधारा में आ सकते है।"**

સંકલ્પનાથી જ રાષ્ટ્ર સંપન્ન બને છે. આપણી સંકલ્પના એ એવી હોવી જોઈએ કે આપણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને શિક્ષણ, સંશોધન અને પ્રકાશનના ક્ષેત્રમાં આગળ ધપાવીને વિદ્યાર્થીઓના હિતમાં કાર્ય કરીને ઉત્તમ નાગરિક બનાવીએ. આપણી આ સંકલ્પનાને સાકાર કરવા માટે આપણે સૌએ મથામણ કરવી ખૂબ જ જરૂરી છે. આ બાબતે હું એટલો જ ભાગીદાર છું જેટલા આપ સૌ. આપણે સૌ આત્મનિરીક્ષણ કરીએ અને વિદ્યાર્થીઓની અપેક્ષાઓ ઉપર ખરા ઉતરીએ, જેનાથી વિદ્યાર્થીઓને ઉમેદભર્યુ વાતાવરણ મળે. આપણે અને વિદ્યાર્થીઓ એક–બીજા સાથે સંબંધિત છીએ અને સંયોજિત રીતે એક એવું વાતાવરણ ઊભું કરીએ કે જેના કારણે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના વિકસિત થાય. આપણે આ સંકલ્પનાને કેવી રીતે સાકાર કરી શકીએ ? આપ સૌના વિચારોનું હું સ્વાગત કરીશ. એક મૂળ ક્ષમતા જે આપણે આપણા કાર્યક્ષેત્રમાં વિકસિત કરી છે, તે છે મલ્ટિમીડિયાનો ઉપયોગ–ઈન્ટરનેટ દ્વારા દૂર દૂર જગ્યાએ બેઠેલા વિદ્યાર્થીઓ અને વિશેષજ્ઞોની સાથે વિચાર–વિમર્શ કરવાની ક્ષમતા અને અધ્યાપનકાર્ય–પરીક્ષાલક્ષી બધાં જ કાર્યો કરવાની ક્ષમતા આપણે પ્રાપ્ત કરી ચૂકયા છીએ. આપણે દરરોજ વર્ચ્યુઅલ કોન્ફરન્સના સત્રોનું સંચાલન કરી રહયા છીએ.

૧૫ ઓગષ્ટ,૧૮૭૨ના રોજ શ્રી અરવિંદનો જન્મ કલકત્તામાં થયો હતો. શ્રી અરવિંદ ભારતીય દર્શનનાં ઉચ્ચતર મૂલ્યોના જયોતિર્ધર હતા. ભારતના સ્વાતંત્ર્ય માટે મૂળભૂત અધિકારની તેમણે ઘોષણા કરી. સામાન્ય પગારથી કલકત્તાની નેશનલ કોલેજના આચાર્ય થયા. 'વંદે માતરમ' તરીકે ખ્યાતિ પામેલા રાષ્ટ્રીય દૈનિકનું તેમણે જ સંચાલન કર્યુ. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે શ્રી અરવિંદને બિરદાવતું "ભારતના આત્માનો મૂર્તિમંત અવતાર' કાવ્ય લખ્યું. પોતાને પ્રાપ્ત થયેલી અદભૂત અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આધ્યાત્મિક શકિતનો શ્રી અરવિંદે દેશના કલ્યાણ માટે તથા વિશ્વનાં વિનાશકારી પરિબળોને પરાજિત કરવા માટે પણ ઉપયોગ કર્યો. શ્રી અરવિંદનો જન્મ ૧૫ ઓગષ્ટના દિવસે થયો હતો અને ભારતને આઝાદી પણ ૧૫ ઓગષ્ટના રોજ (૧૯૪૭) પ્રાપ્ત થઈ એ યોગાનુયોગનો શ્રી અરવિંદ પણ હર્ષ અને ગર્વથી ઉલ્લેખ કરતા હતા. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે તત્વજ્ઞાનને લગતાં પુસ્તકો તથા અભ્યાસલેખો લખ્યા હતા. 'સાવિત્રી' તેમણે લખેલું એક પ્રખ્યાત મહાકાવ્ય છે. ઈ.સ.૧૯૫૦ના ડિસેમ્બરની પાંચમી તારીખે ૭૮ વર્ષની ઉંમરે શ્રી અરવિંદે પોતાનો નશ્વર દેહ છોડયો.

**તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૧**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### ૭૫મો સ્વતંત્રતાના દિન : ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'સ્વતંત્રતાના ૭૫માં વર્ષ આઝાદીના અમૃત મહોત્સવ' નિમિત્તે માન. કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન.ચાવડાની અધ્યક્ષતામાં સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
















## પર (બાવન)મો ખાસ પદવીદાન સમારોહ













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૪–૮–૨૦૨૧ મંગળવારના રોજ સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીશ્રીઓ સહિત સમસ્ત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવાર તેમજ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના સંયુકત સહકારની મદદથી પર (બાવન)મો ખાસ પદવીદાન સમારોહનું આયોજન વીર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંમેલન હોલ ખાતે રાખવામાં આવ્યુ હતું. જેમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને સુરત પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિની સ્વાગતવિધિ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. જયદીપ ચોધરીએ કરી હતી. આ પ્રોગ્રામમાં ૨૭ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા તેમજ જે રમતવિરો વિવિધ સ્તર પણ વિવિધ રમતોમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સુરત પોલસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમરે સપનાઓ સાકાર કરવા અને જીંદગીમાં લક્ષ્ય પ્રાપ્ત કરવા અંગે પ્રેરણાદાયક પ્રવચન આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ માહિતી પૂરી પાડનારા Application જેમ કે, 'Information kiosk' એપનું લોન્ચિંગ, ડિજીટલઆઈકાર્ડ એપ, કોન્ફરન્સ મેનેજમેન્ટ સિસ્ટમ, વિદ્યાર્થીશ્રીઓના પ્રવેશ, પરીક્ષા, પરિણામ, અપોઈન્ટમેન્ટ સિસ્ટમ, વેન્યુ બુકિંગ વગેરેની માહિતી આ એપની અંદર ઉપલબ્ધ થશે, તેનું લોન્ચિંગ કરવામાં આવ્યં હતું.











VNSGU
52nd
SPECIAL
CONVOCATION














Ph.D. NOTIFICATION NO. : 2579




PUBLIC SECTOR BANKS IN
































## જનજાતીય અસ્તિત્વના પડકારો અને ઉકેલો : વેબિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૯–૮–૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "જનજાતીય અસ્તિત્વના પડકારો અને ઉકેલો" વિષયક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વકતા તરીકે ભારતીય નૌસેના આયુધ સંગઠનના ઉપમરા પ્રબંધક શ્રી લક્ષમણસિંહ મરકમ હાજર રહ્યા હતા.

શ્રી લક્ષમણસિંહ મરકમજીએ એમના વકતવ્યમાં 'મૂળનિવાસી દિવસ'ની ઉજવણીની ઉત્પત્તિ વિશેની માહિતી આપી હતી. જેમાં કોલંબસ દ્વારા અમેરિકાની શોધ થયા બાદ ત્યાંના મૂળનિવાસીઓ સાથે કરેલા વ્યવહારો અને સાંસ્થાનિક દેશોએ તેમના ઉપનિવેશોમાં રહેલ મૂળનિવાસીઓ સાથે કરેલ અત્યાચારો વિષે વિગતે જણાવ્યું હતું. મૂળનિવાસીઓ માટે કરવામાં આવેલ આંતરરાષ્ટ્રીય કાયદો અને તેમાં ભારતની ભૂમિકા વિષે જણાવ્યું હતું. ભારતના સંવિધાનમાં અનૂસુચિત જાતિ અને અનુસૂચિત

જનજાતિના વિકાસ માટે લોકસભાથી લઈ ગ્રામપંચાયત સુધી પછાત વર્ગો માટેના રિઝર્વેશન અને નોકરીમાં તથા શિક્ષણ માટેની જોગવાઈઓ વિસ્તૃત રીતે કરવામાં આવી છે એટલે અમેરિકા, કેનેડા, બ્રિટન જેવા દેશોમાં મૂળનિવાસીઓની સ્થિતિ અને ભારતમાં પછાત વર્ગની સ્થિતિમાં પાયાનો તફાવત છે.

હાલમાં જનજાતિના અસ્તિત્વ અને પડકારો વિષે પણ એમણે ઊંડાણપૂર્વકની સમજણ આપી હતી. અને જણાવ્યું હતું કે, જનજનતિમાં આક્રોશ ફેલાવવાનું આયોજનપૂર્વકનું વ્યવસ્થિત તંત્ર કામ કરતું હોય તેવું લાગે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ વકતા શ્રી લક્ષમણસિંહ મરકમનું અભિવાદન કર્યુ હતું અને ભવિષ્યમાં તેમનો સહકાર મળી રહેશે એવી આશા વ્યકત કરી હતી. યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ્ય અભ્યાસ વિભાગના વડા ડૉ. વિપુલ સોમાણીએ વેબિનારના મુખ્ય વકતા શ્રી લક્ષમણસિંહ મરકમનો પરિચય આપ્યો હતો. આ વેબિનારને અંતે વકતાશ્રી દ્વારા અને શ્રોતાઓનાં પ્રશ્નોના જવાબ આપ્યા હતા. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

## લોક પરંપરામાં પર્વો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને IQAC ના સંયુકત ઉપક્રમે તા. ૨૬–૮–૨૦૨૧ ગુરુવારના રોજ લોક પરંપરામાં પર્વો વિષે ડૉ. પ્રેમજી પટેલ દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વકતાનો પરિચય ડૉ. ભરતભાઈ ઠાકોરે આપ્યો હતો. જેમાં તેમણે પરંપરાની વ્યાખ્યાથી લઈને પરંપરાની શરૂઆત વિષે સમજ આપી હતી. પોતાના સંબોધનમાં તેમણે પ્રાદેશિક કથા સાથે સંકળાયેલા તહેવારો અને એમા અલગ અલગ ભૂમિકા ભજવતા લોકો વિષેની માહિતી આપી હતી. આ તહેવારોને પરંપરાગત ઉજવવાના કારણોની ચર્ચા પણ તેમણે કરી હતી. ઉપરાંત વિવિધ પ્રદેશ પ્રમાણે વિવિધ તિથીએ ઉત્સવો ઉજવવાની પધ્ધતિ વિષે જણાવ્યું હતું. જેમાં તેમણે દિવાસા, મોડાસાતમ, પલ્લી, ગણેશ ચોથ, ઋષીપાચમ, મોન્ગાછડી ઉત્સવ વગેરે જેવા તહેવારો વિષે જાણકારી ઉદાહરણ સહિત આપી હતી. ઉપરાંત તેમણે તિથિ અનેકવાર–તહેવારે વિવિધ પ્રાદેશિક પધ્ધતિ મુજબ પર્વ ઉત્સવ સાથે સંકળાયેલ લોકવિભાગના વિષે પ્રાસંગિક કથા જણાવી હતી અને સંગઠિત તહેવારનું મહત્વ સમજાવ્યું હતું. સહિયારી રીતે વિવિધ તહેવારોનું મહત્વ દર્શાવ્યું હતું. આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવી હતી.

## 'ગવર્નમેન્ટ નોકરી વિશે જાગૃતતા' : નેશનલ વેબિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ૭૮મો રાષ્ટ્રીય વેબિનાર તા. ૨૬–૮–૨૦૨૧, ગુરુવારના રોજ 'ગવર્નમેન્ટ નોકરી વિશે જાગૃતતા' વિષે જણકારી આપવામાં આવેલી હતી. જેનું માર્ગદર્શન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ વેબિનારમાં મુખ્ય વકતા ચેતન ભીમાણીનો પરિચય દર્શન પુરોહિત દ્વારા આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય વકતા દ્વારા વિવિધ ગવર્નમેન્ટ, સેન્ટ્રલ ગવર્મેન્ટ, નોન– ગવર્નમેન્ટ, સેમિ ગવર્નમેન્ટ અને પ્રાઈવેટ સર્વિસ વિશે માહિતિ આપી હતી. ઉપરાંત તેમણે SSC, HSC, Graduate, Postgraduate લેવલની પરીક્ષા વિષે જણાવ્યું હતું. ઉપરાત વિવિધ પરીક્ષા બેન્કિંગ, GPSC, UPSC, OJAS, LIC વગેરે ઓનલાઈન પરીક્ષા વિષે સમજ આપી હતી. આ માટેની માહિતી સાપ્તાહિક સમાચાર 'રોજગાર સમાચાર' અને 'એમ્પ્લોયમેન્ટ ન્યુઝ' દ્વારા મેળવી શકાય છે. આવનાર સમયમાં ભરતી ઘણી આવી રહી છે જેની તૈયારી હમણાથી જ કરવી જોઈએ. આ કાર્યક્રમની આભારવિધિ દર્શન પુરોહિત દ્વારા કરવામાં આવી હતી.

## ઝવેરચંદ મેઘાણી : ૧૨૫મી જન્મજયંતી ઉજવણી

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય પ્રેરિત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કન્વેન્શન હોલમાં તા. ૨૮–૮–૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે રમત–ગમત વિભાગ અને સાંસ્કૃતિક વિભાગના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે, Face book, Instagram, Twitter, YouTube પર કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી હરેશભાઈ રાજયગુરુ, કુલસચિવ ડૉ. જયદીપભાઈ ચૌધરી, નિવાસી અધિક કલેકટર શ્રી યોગરાજસિંહ ઝાલા, શહેર ભાજપ પ્રમુખ શ્રી નિરંજન ઝાંઝમેરા, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ અને ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સ્વાગત ઉદ્‌બોધન કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીજી દ્વારા 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ પામેલા શ્રી ઝવેરચંદ મેઘાણીની બાયોગ્રાફી બતાવવામાં આવી હતી. તેમના વ્યકિતત્ત્વ અને કવિત્ત્વ વિશેના સંસ્મરણો વિશે માનનીય શ્રી ગણપતસિંહ વસાવા દ્વારા રજૂ કર્યા હતા. જેમાં જન્મથી લઈને તેમની કારકિર્દી વિષે જણાવવામાં આવ્યું હતું.

ઉપરાંત તેમના દ્વારા કરવામાં આવેલ આઝાદી માટેના ભાગીરથ કાર્ય અને તેમણે જીવન દરમ્યાન રચેલ સાહિત્ય, કાવ્યો અને પુસ્તકો વિષેની જાણકારી આપી હતી. તેમજ શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત પુસ્તકોનું વિતરણ વિવિધ ગ્રંથાલયોને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં 'સપ્તધ્વનિ સંગીત વર્ગ અને કલાવૃંદ' દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણીની કૃતિઓ જેવી કે કવિતાઓ, ડાયરાઓ અને ગીતોનું સુંદર ગાયન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સમાપ્તિ રાષ્ટ્રગાન દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમના સંયોજક શ્રી દિનેશભાઈ કદમ જીલ્લા રમત ગમત અધિકારી રહ્યા હતા અને કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. નરેશભાઈ શુકલાએ કર્યું હતું.


આમંત્રણ

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય પ્રેરિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે આયોજિત

કસુંબીનો રંગ ઉત્સવ

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષની ઉજવણી સંદર્ભે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના સંયુકત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં આપશ્રીને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય

મહાત્મા મંદિર ખાતેના મુખ્ય કાર્યક્રમના અધ્યક્ષસ્થાને બિરાજશે.


:: મહાનુભાવ ::
**શ્રી ગણપતસિંહ વસાવા**
માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી, ગુજરાત રાજય

:: મહાનુભાવ ::
**શ્રી સી.આર. પાટીલ**
માનનીય સાંસદશ્રી, નવસારી
માનનીય પ્રદેશ અધ્યક્ષશ્રી, ભા.જ.પા. ગુજરાત રાજય

**ડો. કે. એન. ચાવડા**
માનનીય કુલપતિશ્રી, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત

:: સમય/સ્થળ ::
શનિવાર, તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧ના સવારે ૧૦.૩૦ કલાકે
કન્વેનશન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર, સુરત.

નિમંત્રક
**ડો. જયદીપ ચૌધરી**
ઈ.ચા. કુલસચિવશ્રી



























## હિન્દી સલાહકાર સમિતિમાં પસંદગી

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની રાજભાષા હિન્દી સલાહકાર સમિતિના સભ્ય તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. ભરત ઠાકોરની નિમણૂંક કરાઈ છે. મૂળ મહેસાણા જિલ્લાના વડોસણ ગામના વતની ડૉ. ભરત ઠાકોરનું સાહિત્યક્ષેત્રે કવિતા, સમીક્ષા અને અનુવાદ વગેરે ક્ષેત્રોમાં પ્રદાન રહ્યું છે, સાથોસાથ તેમના ૧૪થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. ગુજરાતી અને હિન્દી ભાષાના પ્રથમ 'માન્ય શબ્દકોશઃ એક તુલનાત્મક અભ્યાસ' એ સંશોધન ગ્રંથ તેમની પાસેથી મળે છે. ભારતીય હિન્દી સાહિત્ય સભા દ્વારા વર્ષ ૨૦૨૦નો અહિન્દી ભાષી હિન્દી સાહિત્ય સેવી પુરસ્કાર' જેવા અનેક એવોર્ડથી તેમનું સન્માન થયું છે. તેઓ ૯૦ જેટલા સેમિનાર, વર્કશોપ અને પરિષદોમાં ભાગ લઈ ચૂક્યા છે.






## જન્મદિવસને વિશેષ રીતે "કોવિડ યાત્રા' ધ્વારા ઉજવતાં પ્રો. કિશોર પોરીયા


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેના ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ પ્રો. કિશોર પોરીયા પોતાનાં જન્મદિવસને જ્ઞાનવૃધ્ધિનો વિશેષ દિવસ માને છે. અધ્યાપક જીવનભર વિદ્યાર્થી જ રહે છે. જ્ઞાનની ક્ષિતિજોનું વિસ્તરણ એજ અધ્યાપક માટે જીવનમંત્ર હોઈ શકે. ગતવર્ષે કોવિડ કાળમાં ઓનલાઈન પીરસાતા જ્ઞાનનું અમૃત પાન તેઓએ વર્ષ દરમ્યાન 'કોવિડ યાત્રા' કરી કરેલ હતું. એજ રીતે, આ સમગ્ર વર્ષ દરમ્યાન તેઓએ પોતાનાં ૫૮માં જન્મદિવસ સુધીમાં ૧૫૮ વિવિધ વૈજ્ઞાનિક પ્રસંગોમાં

ભાગીદારી નોંધાવાથી સર્ટીફીકેટ મેળવ્યા છે. તેઓએ ૬૫ રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય વેબિનારો, ૨૩ રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ, ૧૫ વર્કશોપ્સ, ૧૩ જેટલી વિવિધ વ્યાખ્યાન માળાઓ, ૩ સિમ્પોજીયમ, ૨૨ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, ૯ શોર્ટ ટર્મ પ્રોગ્રામ અને ૮ વિવિધ પ્રકારની ટ્રેઈનીગ મેળવેલ છે. આ ઓનલાઈન કાર્યક્રમોમાં વિશેષ ડીસ્ટીગ્યુસ લેક્ચર સિરિજ જેમાં નોબેલ વિજેતા, ભારત રત્ન અને ભારતનાં ખ્યાતનામ ભૌતિકશાસ્ત્રઓનાં વ્યાખ્યાન ફાઈબર ઓપ્ટીકસ, ક્રિસ્ટલ ગ્રોથ, કેરેકટારાઈજેશન, લેસર ટેકનોલોજી, એસ્ટ્રો ફીઝીકસ અને એસ્ટ્રોનોમી જેવાં રોચક વિષયોમાં પોતાની ભાગીદારી કરેલ. ગતવર્ષ તેમનાં ૫૭માં જન્મદિવસે આજ રીતે પોતાનાં રસનાં વિષયને વધુ રોચક રીતે ભણાવવા ૧૫૭ સર્ટીફીકેટ મેળવ્યા હતા.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથ પ્રદર્શન : રવીન્દ્રનાથ ટાગોર





ઈસ્વીસન ૧૮૬૧ના મેની ૭મી તારીખે રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ થયો. ૭ ઓગષ્ટ, કવિનું ૮૦મા જન્મદિન પછીના ત્રીજે મહિને કલકત્તાના પૈતૃક આવાસ જોડાસાંકોમાં નિધન થયું હતું. ભારતના ઈતિહાસમાં સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધમાં મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર અગ્રિમ છે. ટાગોરની મૃત્યુતિથિએ યુનિવર્સિટી ગ્રંથાલયમાં રવીન્દ્રનાથ સાહિત્યનું પ્રદર્શન તા.૭–૮–૨૦૨૧થી ૧૪–૮–૨૦૨૧ દરમ્યાન ગોઠવવામાં આવ્યું હતું.

### ગ્રંથ પ્રદર્શન : શ્રી Aurobindo

તા. ૧૫–૮–૨૦૨૧થી ૧૭–૮–૨૦૨૧ દરમ્યાન તત્વજ્ઞાની શ્રી Aurobindo જન્મજયંતી નમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં શ્રી Aurobindo ના વિવિધ ગ્રંથોનું સાહિત્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



### ગ્રંથ પ્રદર્શન : ઝવેરચંદ મેઘાણી

તા. ૨૮–૮–૨૦૨૧ થી ૪–૯–૨૦૨૧ દરમ્યાન રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં શ્રી ઝવેરચંદ મેઘાણીના વિવિધ ગ્રંથોનું સાહિત્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.






## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### આંતરરાષ્ટ્રીય ઓનલાઇન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ અમરોલી અને માનવ સંસાધન વિકાસ વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ટ ઉપક્રમે ૧ અઠવાડિક આંતરરાષ્ટ્રીય ઓનલાઇન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું રિસર્ચ મેથોડોલોજી વિષય પર તા. ૨૩–૮–૨૦૨૧ થી ૨૮–૮–૨૦૨૧ દરમ્યાન આયોજન થયું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ સંશોધકોને સંશોધન ક્ષેત્રે ઉડાણપૂર્વક માહિતિ આપવી તેમજ નવા સંશોધન કરવા પ્રેરિત કરવા દેશ અને વિદેશના જાણીતા વકતાઓ દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં વિવિધ દેશો જેવા કે, વિયતનામ, કેનેડા, સાઉદી અરેબિયા તેમજ વિવિધ રાજયો માંથી ૨૬૪ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તા. ૨૩–૮–૨૦૨૧ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે ઉદ્દ્ઘાટિત કરવામાં આવ્યો હતો. જેમાં ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું કે, આવનારા સમયમાં સંશોધનનું ખૂબ મહત્વ છે અને યુનિવર્સિટી નવા સંશોધકો માટે આર્થિક તેમજ જ્ઞાનની દ્રષ્ટિએ યુનિવર્સિટી હમેશા મદદગાર રહેશે તેવી ખાતરી આપી હતી. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૩૦ વર્ષની સેવા બજાવનાર અને હાલમાં સ્વૈચ્છિક નિવૃતિ લેનાર માનવ સંસાધન વિકાસ વિભાગના વડાશ્રી ડૉ. કિરણ પંડયાના માનમાં સમર્પિત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંચાલન અમરોલી કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આર. ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ડૉ. મેહુલ બી. શાહ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ વિભાગ ડૉ. ભાવેશ વનપરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ધ્વજ વંદન





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ, શાહ આર્ટ્સએન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૧ને રવિવારના રોજ ૭૫મો સ્વાતંત્ર દિન નિમિત્તે સાવરે ૯:૦૦ કલાકે અમરોલી કોલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર આર. રાણાના નેતૃત્વ હેઠળ શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા તેમજ કોલેજના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ શ્રી ચંપકભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન થયું હતું. ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, YouTube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી વિદ્યાર્થીઓ અને લોકો સુધી લાઈવ પ્રસારણ કરી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ આ લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજવંદન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઇ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી,

એસ.પી.બી. સ્કૂલના ઇ.ચા. આચાર્ય શ્રીમતી સેજલબેન પટેલ માનદ્ નિયામક શ્રીમતી કલ્પનાબેન દેસાઇ તેમજ સમગ્ર સંકુલના મર્યાદિત શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એસોસીએટ NCCCAPTLT ડૉ. પુનિતા બી. પટેલ, NCCLT ભારતી કે. વાઘ અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓના રિર્પોટર કમાન્ડર SUO અરમી વાલડીયા અને પરેડ કમાન્ડર PC બંસી કેવડિયાની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહે રાષ્ટ્રના વિકાસમાં યુવા શક્તિની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. વયમર્યાદાને કારણે નિવૃત થનારા ઓફિસ સુપ્રિટેન્ડન્ટ શ્રી ચંપકભાઈ પટેલનું ટ્રસ્ટ અને કોલેજ પરિવાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ., બી.સી.એ. કોલેજના તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના વિદ્યાર્થીઓ, સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભુતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત મર્યાદિત સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા. અમરોલી કોલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર. આર. રાણા દ્વારા પ્રસંગોચિત્ત વક્તવ્ય આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ ડૉ. આર. એન. સદરીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર આર. રાણાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રો.બી.ડી. પટેલ, બી.એન. પટેલ, પ્રા.સી.યુ.નાયક, પ્રા.એન.બી.બારીયા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### સ્વતંત્રતા દિવસ : સ્પર્ધા




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના એનએસએસ યુનિટના નેજા હેઠળ સ્વતંત્રતા દિવસના ઉપક્રમે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ ક્રમે પટેલ કિંજલ દોલતભાઈ (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય ક્રમે કાપડિયા ઈશરતબાનુ મુનીરભાઈ (એસ.વાય.બી.કોમ.) અને તૃતીય ક્રમે કંસારા મહેક આર. (એસ.વાય.બી.કોમ.) (ઈ.એમ.) આવ્યા હતાં. તેમજ સ્વતંત્રતા સેનાનીઓની યાદમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુલ નવ સ્પર્ધકોએ ભાગ લીધો હતો જે પૈકી પ્રથમ ક્રમે રાઠોડ ઉન્મેશા આર. (ટી.વાય.બી.કોમ.) (ઈ.એમ.), દ્વિતીય ક્રમે કંસારા મહેક આર. (એસ.વાય.બી.કોમ.) (ઈ.એમ.), તૃતીય ક્રમે ધિમ્મર પૂજા આર. (એસ.વાય. બી.કોમ.) અને પ્રજાપતિ કોમલ આર. (ટી.વાય.બી. કોમ.)(ઈ.એમ.) આવ્યા હતા. વિજેતાઓને રોકડ પુરસ્કાર અને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે દેશભક્તિ ગીતમાં પ્રા. યોગિનીબેન પ્રજાપતિ અને પ્રા.દિપીકાબેન લાડે તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ડૉ. સોનલબેન વસાવા તથા પ્રા. પ્રિયા ટંડેલે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફનો સહકાર મળ્યો હતો. કાર્યક્રમને માટે પ્રેરણા તથા અનુકૂળતા કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ કરી આપી હતી.

### રાખી મેકિંગ સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં 'રાખી મેકિંગ સ્પર્ધા' નું આયોજન ઈ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ મોતી, રંગીન દોરા, મોરપંખ, ડાયમંડ,જરદોશીનો ઉપયોગ કરી કલાત્મક રીતે ખૂબ જ સુંદર અને આકર્ષક રાખડીઓ બનાવી હતી. સ્પર્ધામાં પ્રથમ વિજેતા મહેક કંસારા એસ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), દ્વિતીય વિજેતા સિમ્પી હર્ષાલી ટી.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) અને હળપતિ આયુષી ટી.વાય.બી.કોમ. તૃતીય વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. યોગિનીબેન પ્રજાપતિએ કરી હતી. નિર્ણાયક તરીકે પ્રા. પાયલ કેવત

અને પ્રા. અંજલીબેન પટેલે સેવા આપી હતી. સ્પર્ધાને સફળ બનાવવા માટે તમામ ટીચિંગ અને નોન ટીચિંગ સભ્યોનો સહકાર મળયો હતો.

### શ્રી ઝવેરચંદ મેઘાણી : ૧૨૫મી જન્મ જયંતી



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા ધનગર શ્રુતિ એન (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય વિજેતા કંસારા મહેક આર. (એસ.વાય.બી.કોમ.) તથા તૃતીય વિજેતા કંસારા તપન વી. (એસ.વાય.બી. કોમ.) તથા વેગડ શીતલ એમ. (ટી.વાય.બી.કોમ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ અભિનંદન પાઠવ્યા હતા, સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રતીક બરોડિયા તથા નિર્ણાયક પ્રા. ડૉ. સોનલબેન એસ. વસાવા તથા પ્રા. હરમિતસિંહ સરદારે ભૂમિકા ભજવી હતી. આમ આ કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### ટ્રેકિંગ કેમ્પ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બી.કોમ. ઈંગ્લિશ મીડીયમ અને બી.એસસી. તથા એમ.એસસી.ના સહયોગ દ્વારા આવધા ગામે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુદરતી સાનિધ્ય માણ્યું હતું. નિષ્ણાત ટ્રેનરે વિદ્યાર્થીઓને વરસતા ધોધમાં સફળ ટ્રેકિંગ કરવું તે માટેની તાલીમ આપી હતી. વરસતા વરસાદમાં સોળે કળાએ ખીલેલી પ્રકૃતિને માણવાનો આનંદ કંઈક અનેરો હતો. સૌએ પ્રકૃતિમય બની કુદરતી લીલાનું રસપાન કર્યું હતું. આ કેમ્પના આયોજન માટે કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણા તથા વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ અને સાયન્સના ઈન્ચાર્જ આચાર્યશ્રી દિપેશભાઈ પટેલ અને કેમ્પસ ડિરેકટર શ્રી દિપેશભાઈ શાહનો સહયોગ મળ્યો હતો તથા પ્રા. પાર્થ ઠક્કર, ડૉ. સ્નેહાબેન સોલંકી, પ્રા. યોગિનીબેન પ્રજાપતિ, ડૉ. સેજલબેન, પ્રા. સાગરભાઈ તથા પ્રા. પ્રતિકભાઈની આગેવાની હેઠળ આ ટ્રેકિંગ કેમ્પ સફળ રહ્યો હતો.

### પુસ્તક પ્રદર્શન




એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ લાઈબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય, સાહિત્ય પ્રત્યે રૂચિ જાગે, અભ્યાસક્રમ ઉપરાંત ઈતર સાહિત્યના વાંચન પ્રત્યે જાગૃતિ કેળવે તેવા શુભ આશયથી પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જનરલ નોલેજ, સાહિત્ય, ડિક્સનરીઓ, કારકિર્દી માર્ગદર્શન, વ્યકિતત્વ વિકાસ, એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, બેંકિંગ, કાયદો, આંકડાશાસ્ત્ર, સેક્ર ટેરિયલ પ્રેક્ટિસ વગેરે વિવિધ વિષયોના જ્ઞાનના ખજાનારૂપ પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનો કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

### ગીતા શ્લોક પઠન સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ આયોજીત સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત ગીતા શ્લોક પઠન સ્પર્ધાનું આયોજન તા. ૨૫-૮-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ

લીધો હતો. તેમાં પ્રથમ ક્રમે ધનગર શ્રૃતિ (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય ક્રમે નવસારીવાલા ઝુબેદા (ટી.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) અને તૃતીય ક્રમે સરોજ કાજલ (ટી.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) તથા કંસારા મહેક (એસ.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી રીતે શ્લોકનું પઠન કર્યું હતું તથા માં ગીતાનું અને સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન પ્રા. પાયલબેન કેવટે કર્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. યોગિનીબેન પ્રજાપતિ તથા શ્રી રતુભાઈ પટેલે સેવા પૂરી પાડી હતી. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે ઈનામો આપ્યા અને વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર એનાયત થયા હતા.

## મને ગમતું પુસ્તક : વાર્તાલાપ




એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૬–૮–૨૦૨૧ ના રોજ મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે, માણસના એકાંતનો એક માત્ર એ ઈષ્ટમિત્ર છે. મને અને ચિત્તને સતેજ કરી ચેતન પૂરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપક ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદાજુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા છે. ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## વર્ષા ગીત સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગીત સંગીત નૃત્ય ધારા હેઠળ 'વર્ષાગીત સ્પર્ધા'નું અયોજન ઈ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગુજરાતી કાવ્યો, ગીતો, ફિલ્મી–નોન ફિલ્મી ગીતો વર્ષાગીત પર આધારીત રજૂ કરી સુંદર અને આકર્ષક દેખાવ રજૂ કર્યા હતો. આ સ્પર્ધાના આયોજક તરીકે ભૂમિકા ભજવનાર પ્રા. પ્રતિકભાઈ બરોડિયા તથા પ્રા. હરમિતસિંગ સરદાર રહ્યા હતા અને નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. એન. બી. સોલંકી તથા પ્રા. શ્રુતિબેન પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ કિંજલ ડી. (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય વિજેતા કંસારા તપન (એસ.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) અને તૃતીય વિજેતા કંસારા મહેક (એસ.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) અને કશ્યપ દિવ્યા (ટી.વાય.બી.કોમ.)(અંગ્રેજી માધ્યમ) રહ્યા હતાં. સ્પર્ધાને સફળ બનાવવા માટે ટીચીંગ અને નોન ટીચીંગ સભ્યોનો સહકાર મળ્યો હતો.



## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.

## ગુરૂપૂર્ણિમા : ઉજવણી



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૩/૦૭/૨૦૨૧ શુક્રવારના રોજ આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના માર્ગદર્શન તેમજ IQAC કો–ઓર્ડિનેટર શ્રી ધર્મરાજ ટેંભરેના અધ્યક્ષપણા હેઠળ સપ્તધારા અંતર્ગત 'ગુરૂપૂર્ણિમાં'ના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી. વેદવ્યાસના જન્મદિન તથા ભગવાન બુદ્ધના પ્રથમ ઉપદેશના દિન તરીકે અષાઢ સુદ પૂર્ણિમાનો દિવસ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાને

વ્યાસપૂર્ણિમા પણ કહેવાય છે. ગુરૂ એટલે 'અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર'. આ દિને કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ ગુરૂનું મહત્વ સમજાવતા પોતાના ઉમદા વિચારોની જ્ઞાનગંગા વહાવી હતી તથા કાર્યક્રમના અધ્યક્ષશ્રી ધર્મરાજ ટેંભરેએ સાચા ગુરૂની ઓળખ કેવી રીતે કરવી તેની યોગ્ય સમજણ વિદ્યાર્થીઓને આપી હતી. કોલેજના કુલ ૯૬ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના જી.એસ. હરીકૃષ્ણ પટેલે કર્યુ હતું. અધ્યાપકશ્રી ખુમરાજ મહેતાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરી રાષ્ટ્રવંદના સાથે કાર્યક્રમની પૂણાહૂતિ કરી હતી.

## ઓફલાઈન ટ્રેનીગ



સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ ખાતે શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૧–૨૨ દરમ્યાન તા. ૩–૮–૨૦૨૧ને મંગળવાર થી તા. ૦૭/૦૮/૨૦૨૧ને શનિવાર સુધી ચાલનારા ગુજરાત સરકાર દ્વારા આયોજિત અને કે.સી.જી. અમદાવાદ સંચાલિત ફિનિશિંગ સ્કૂલના પ્રથમ 'Set A – Employability Skills' નો આરંભ થયો. આ પ્રથમ તબકકાની ઓફલાઈન તાલિમ માટે વડોદરા થી ઝીલ શુકલા મેડમ ઉપસ્થિત રહ્યા. આ તાલિમ શિબિરની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી થઈ અને સંસ્થાના વડા ડૉ. એસ. એમ. પટેલે આવેલ ટ્રેનરનું શાબ્દિક પરિચય આપી પુષ્પગુચ્છથી આવકાર્યા હતા અને દિપ પ્રાગટય કરી તાલિમની શુભ શરૂઆત કરાઈ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જી.એસ. હરીકૃષ્ણ પટેલે કર્યુ હતું. કો–ઓર્ડિનેટર અને ગુજરાતીના પ્રા.ડૉ.મીનાક્ષીબેન આર. પટેલે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરી જેમાં ઉત્સાહી કુલ ૩૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી ટ્રેનિંગમાં ભાગ લીધો હતો.

## વેકસીનેશન કેમ્પ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ ખાતે તા. ૧૪/૦૮/૨૦૨૧ શનિવારના રોજ કોલેજના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રથમ અને દ્વિતીય તબકકાના વેકસીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ સરકારશ્રીના આદેશ અનુસાર કોલેજમાં ઓફ લાઈન શિક્ષણ કાર્યનો અમલ કરવામાં આવ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોનું સ્વાસ્થ સચવાઈ એ અત્યંત જરૂરી બને છે તથા હાલ ચાલી રહેલ Covid-19 મહામારીના નિવારણ માટે વેકસીન જ એક માત્ર ઉપાય છે. તેથી કોલેજના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓની તંદુરસ્તી માટે રેફરલ હોસ્પિટલ ખેરગામના સહયોગથી વેકસીનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ખેરગામ તાલુકા આરોગ્ય વિભાગના ડૉ. ભરતભાઈ પટેલ ડૉ. કોવસલ પટેલ ડૉ. નેહલ પટેલ અને રેફરલ હોસ્પિટલના સ્ટાફ ગણો, આશા વર્કર બહેનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસીયેશનના ઉપપ્રમુખ શ્રી અંકુરભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રથમ તબકકામાં કુલ ૮૦ અને દ્વિતીય તબકકામાં કુલ ૬૦ આમ કુલ ૧૪૦ કોલેજના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ ઉત્સાહ ભેર ભાગ લઈ વેકસીનેશનના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સરકારશ્રી ની Covid-19 ગાઈડલાઈનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યુ હતું.



## સંસ્કૃત સપ્તાહ



સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ ખાતે ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના આદેશ અનુંસાર તા.૧૮–૦૮–૨૦૨૧ થી તા.૨૫–૦૮–૨૦૨૧ દરમ્યાન સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી. ભારતીય સંસ્કૃતિ ધરોહર એવી સંસ્કૃત

ભાષા એ વિશ્વની સમસ્ત ભાષાઓની જનની છે. સંસ્કારોની ગંગોત્રી એવી આ સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે તથા વિદ્યાર્થીઓ દેવ ભાષા સંસ્કૃતનું મહત્વ સમજી તેના વિચારોને પોતાના જીવનમાં આત્મસાત કરે એ હેતુ સર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે, સંસ્કૃત સુલેખન સ્પર્ધા, સંસ્કૃત શબ્દાર્થ સ્પર્ધા, ઓનલાઈન સંસ્કૃત સ્લોકગાન, સાહિત્ય વાંચન, સંસ્કૃત પ્રશ્નોતરી સ્પર્ધા, સંસ્કૃત નિબંધ સ્પર્ધા, શ્રીમદ્ ભગવદ ગીતા પારાયણ અને અંતિમ દિવસે સંસ્કૃત વિભાગ તથા લાઈબ્રેરી વિભાગના સંયુકત ઉપક્રમે સંસ્કૃત પુસ્તક પ્રદશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ લીધો હતો. સમ્રગ કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યાપકો શ્રી યોગેશ ટંડેલ અને કુ. ચેતના પટેલ દ્વારા કરાવામાં આવ્યું હતું.



## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### શૈક્ષણિક મુલાકાત અને વૃક્ષારોપણ



તા. ૧૭–૮–૨૦૨૧ને મંગળવારના દિને સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવાધારા પ્રવૃત્તિ હેઠળ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રકૃતિના ખોળે સોલધરા ગામના તળાવ કિનારે રમણીય વાતાવરણમાં ઉમળકાભેર વૃક્ષારોપણની ઉજવણી તથા વારલી પેંઈન્ટિંગ દ્વારા ટ્રી હાઉસ શણગારનું સુંદર કામ ડૉ. કિશોરભાઈ આર. નાયકના માર્ગદર્શન હેઠળ થયું. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે 'સહ્યાદ્રિ' મધમાખી ઉછેર કેન્દ્રના શ્રી અશોકભાઈ પટેલ અને એમના ધર્મપત્ની અસ્મિતાબેન તથા પક્ષીવિદ્ શ્રીભગુભાઈ પટેલ, પાલતુપ્રાણી વિશેષજ્ઞ શ્રી જયભાઈનો પરિચય કરાવ્યો હતો. પર્યાવરણ પ્રહરી યજમાનશ્રી અશોકભાઈએ મધમાખી ઉછેરકેન્દ્ર વિશે ઉંડાણપૂર્વક પ્રાયોગિક માહિતી આપી હતી. તેમજ સાપ વિશે અવનવી માહિતી આપીને સાપ ખેડૂતોનો મિત્ર છે એ વાતની પુષ્ટિ કરી હતી. શ્રી રંગ શિક્ષણ પરિવારે તળાવની પ્રદક્ષિણા કરતાં કરતાં ઔષધિય વનસ્પતિઓનો પરિચય પામ્યા બાદ ભુલાઈ ગયેલા બળદગાડા, ઘરઘંટી, દોણી–વલોણુંનું દર્શન કર્યા અને ટ્રી હાઉસમાં પોતાની યાદગીરી રૂપે વારલી પેઈન્ટિંગ કર્યુ હતું. આ સાથે જ સૌ તાલીમાર્થીઓએ જંપીગ, દોરડા ચઢાણ, ટ્રી હાઉસમાં ભોજન માણ્યું હતું. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ અને અન્ય પ્રાધ્યાપકો પણ સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. પ્રકૃતિપ્રેમી શ્રી અશોકભાઈએ સંસ્થાને વૃક્ષારોપણનું આમંત્રણ આપી તાલીમાર્થીઓને પર્યાવરણ સંરક્ષણના શ્રેષ્ઠ અનુભવો પુરા પાડયા હતા. આ કાર્યક્રમમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણ વૈવિઘ્ય અંગે મળેલ પ્રત્યક્ષ નિદર્શન અને રસપ્રદ અનુભવોને જીંદગીના યાદગાર સંભારણા સમા ગણાવી આ કાર્યક્રમને મન ભરી માણ્યો હતો.

### જલીયાવાલા બાગનો હત્યાકાંડ : વ્યાખ્યાન



શિક્ષકોની તાલીમમાં અગ્રેસર બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં આઝાદીના દર્દનાક સંઘર્ષો અને બલિદાનો પૈકી સહુથી વધુ વ્યથિત કરનારી ઐતિહાસિક ઘટના જલીયાંવાલા બાગનો હત્યાકાંડ વિષય પર વ્યાખ્યાન દ્વારા આજની પેઢીને રાષ્ટ્ર ગૌરવનો બોધ કરાવી રાષ્ટ્રીય ઉત્થાનની સંભાવનાઓ સાકાર કરવાનો યશસ્વી પ્રયાસ થયો. પ્રસ્તુત વ્યાખ્યાન પ્રસિદ્ધ પત્રકાર, NSS ના મોભી અને નિવૃત અધ્યાપક પ્રા. જશુભાઈ નાયક દ્વારા અપાયું હતું. સમગ્ર દેશ આઝાદીનો અમૃતપર્વ ઊજવી રહ્યો છે ત્યારે શિક્ષકો આઝાદીના બલિદાનોથી ભાવિ પેઢીને જ્ઞાત કરે તે સંદર્ભે આ મહામૂલો કાર્યક્રમ યોજવામાં આવ્યો. પ્રાર્થના થકી આરંભ થયેલ પ્રસ્તુત કાર્યક્રમમાં અતિથિશ્રીઓના આવકાર–સ્વાગત અને પરિચય આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક દ્વારા ખૂબ જ અસરકારક રીતે થયો. વકતા શ્રી પ્રા. જશુભાઈ નાયકે પોતાના વકતવ્ય દ્વારા સભાખંડને સો વર્ષ પહેલાના સમયમાં લઈ ગયા. તમામ શ્રોતાઓએ આંખોમાં અશ્રુ તથા શહીદો પ્રત્યે વંદનાના ભાવથી પોતાના મનોજગતમાં આઝાદીના મૂલ્યો

સંવેદ્યા હતા. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે પ્રસંગોચિત શબ્દો દ્વારા રાષ્ટ્રગૌરવ શા માટે ? જેવા સૂચક પ્રશ્નોથી સહુને ઢંઢોળવાના પ્રયાસો કર્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમના અધ્યક્ષસ્થાને બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન શ્રી ભરતભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા અને બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરાની તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો અને અસ્પી કન્યા વિદ્યાલય, આંતલિયાના શિક્ષકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે અને ભાવસભર ૠણ સ્વીકાર પ્રા. ડૉ. નમ્રતા પટેલે કર્યો હતો.

## ઝવેરચંદ મેઘાણી – ભાવાંજલિ



શિક્ષકોના ઘડતર માટે પ્રતિબદ્ધ બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે આઝાદી અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીને ભાવાંજલિ આપતો સુંદર કાર્યક્રમ આયોજીત થયો હતો. ભાવિ શિક્ષકો ઝવેરચંદ મેઘાણીના જીવન અને કર્મ થકી પ્રેરણા પ્રાપ્ત કરે અને આઝાદ ભારતના ઘડવૈયા બની રાષ્ટ્રની ઈમારત ચણવામાં પોતાનો ફાળો આપે એ હેતુસર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન, કર્મ, સાહિત્ય અને વૈભવ પર પ્રકાશ પાડતો મૂલ્યવર્ધન કાર્યક્રમ યોજાયો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા ઝવેરચંદ મેઘાણીના જીવન વિશે, એમના લોકસાહિત્ય વિશે, તેમના જીવનના કેટલાક પ્રસંગો તેમજ તેમના વંશજોની છણાવટ વકતવ્ય દ્વારા કરવામાં આવી હતી. મેઘાણી રચિત શૌર્ય ગીતો તેમજ લોકગીતોનું ગાન પણ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે ઝવેરચંદ મેઘાણીના વિરલ વ્યક્તિત્વ પર અર્થસભર પ્રકાશ પાડયો હતો. સંસ્થાના પ્રા. ડૉ. શીતલ વસાવા અને પ્રા. ડૉ. કિરીટભાઈ ચૌહાણે ઝવેરચંદ મેઘાણીના જીવનના કિસ્સાઓ અને તેમના સાહિત્યમાંથી પ્રાપ્ત જીવન બોધની ચર્ચા કરી હતી.

પ્રસ્તુત કાર્યક્રમમાં ભાગ લેનાર, સંચાલનકર્તા તેમજ આભારવિધિ કરનાર સહુ તાલીમાર્થીઓ તેમજ કાર્યક્રમને ઓપ આપનાર સહુ અધ્યાપકશ્રીઓને આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈએ બિરદાવ્યા હતા અને ભવિષ્યમાં આવા મૂલ્યસભર કાર્યક્રમો યોજવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

## પ્લેસમેન્ટ ફેર

શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત દ્વારા તા. ૨–૮–૨૦૨૧, સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉદિશા કલબ અને ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે સદર કોલેજની અંતિમ વર્ષની રોજગારી ઈચ્છુક વિદ્યાર્થિનીઓ માટે 'પ્લેસમેન્ટ ફેર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ફેરમાં સુરતની ખ્યાતનામ કંપની શિવમ જ્વેલર્સ, પાનસુરિયા ઈમ્પેક્ષ અને લ્યુકેન ટેકનો હાજર રહ્યા હતા. પ્લેસમેન્ટ ફેરની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીઓનું સ્વાગત આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણીએ પુસ્તક આપીને કર્યુ હતું. ત્યારબાદ શિવમ જ્વેલર્સમાંથી ઉપસ્થિત શ્રી મહેશભાઈ ધામલિયાએ 'હીરા ઉદ્યોગમાં મહિલાઓ માટે કારકિર્દીની તકો' વિષય પર પોતાનું ઉદબોધન આપી ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થિનીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં પસંદગી પામેલ વિદ્યાર્થિનીઓને કંપની દ્વારા 'પ્રાઈમરી જોબ ઓફર લેટર' આપવામાં આવ્યા હતા.




## કોરોના વેક્સીનેશન




શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલમાં આવેલી તમામ કોલેજના ૧૮ વર્ષથી વધુ વયના વિદ્યાર્થીઓ માટે શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ અને ફુલપાડા અર્બન હેલ્થ સેન્ટર, એસ.એમ.સી.ના સંયુકત ઉપક્રમે તારીખ

૨૬–૮–૨૦૨૧ થી તા. ૨૮–૮–૨૦૨૧ એમ ત્રણ દિવસીય કોરોના વેક્સીનેશનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેક્સીનનો લાભ કોલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર લઈ રહ્યા છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણી, આ. આરોગ્ય અધિકારી ડૉ. પિયુષભાઈ વસાવા, નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કિંજલ પટેલ, મેડીકલ ઓફીસર ડૉ. દિવ્યાબેન સોની, પ્રા. ડૉ. રેણુબેન ભાવસાર, પ્રો. ડૉ. અમીતભાઈ ગોધાણી અને પ્રો. ડૉ. પિન્ટુ પસ્તાગિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સફળ બનાવવામાં કોલેજની એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

### ઈનામ વિતરણ






શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત વરાછા વિસ્તારની શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦–૨૧ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી છેલ્લા વર્ષની પરીક્ષાઓમાં ઉચ્ચગુણાંક સાથે સિધ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થિનીઓ, તેમજ કોલેજના એન.સી.સી. અને એન.એસ.એસ. વિભાગમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. તેમનું શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ વિદ્યા સિધ્ધિ ટ્રોફી એનાયત કરીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણીએ કર્યુ હતું. મુખ્ય મહેમાન પદે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. કનુભાઈ માવાણી, ડૉ. વજુભાઈ માવાણી, ડૉ. કે. ડી. વાઘાણી અને શ્રી હેમંતભાઈ ટોપીવાળા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ વર્ચ્યુઅલ માધ્યમથી વિદ્યાર્થિનીઓ તેમજ વાલીઓએ પણ નિહાળ્યો હતો.

## વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, સુરત.

### જન્માષ્ટમી : ઉજવણી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ પાંડેસરા, વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજ, વી.ટી.પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ત્રણેય કોલેજ દ્વારા જન્માષ્ટમી પર્વનું આયોજન કરવમાં આવ્યું હતું. જેમાં સમૂહ આરતી અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી. બી.એડ., બી.સી.એ. અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરી હતી. ભકિતભાવ પૂર્વક જન્માષ્ટમી પર્વની દરેક અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉજવણી કરી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### 75th Independence Day

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara with staff, Students & Trustee Members celebrated 75th Independence Day. The flag was hoisted by the hands of the associate staff Mr. Anilbhai Gamit. Principal Dr. Jyoti Rao, all the staff & students present along with secretary Mr. Nikhilbhai Shah on this occasion. All the Corona worriers of the College & Kalidas Hospital will be felicitated and awarded with e- certificate. The Programme was successfully completed by the joint efforts of Dr. Heema Pandya & Dr. Dhruni Gavli under the guidance of Principal Dr. Jyoti Rao Mam.





### Singing Competition



On 1-9-2021, C.N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara organized Singing Competition to celebrate 125$^{th}$ Birth Anniversary of Rashtriya Shayar Shree Zaverchand Meghani as per the direction of Veer Narmad South Gujarat University, Surat. In this Competition about 10 students participated & following students were declared winner. 1$^{st}$ – Miss. Upadhyay Priyanka Rakeshkumar, 2$^{nd}$ – Miss. Sorathiya Ekta Rameshbhai, 3$^{rd}$ – Miss. Shah Dhruvi Bhavesh.Winners were awarded with Certificates & Encouraged to participate at university level. This Competition was judged by Dr. Heema Pandya, Dr. Dhruni Gavli & Dr. Swapnil Khengar.The whole programme was Co-ordinated under the guidance of Principal Dr. Jyoti Rao.

## Vidhyadeep Homoeopathic Medical College and Research Centre, Anita, Surat.

### Health checkup Campaign





Health checkup Campaign done by the students of VHMC & RC at adopted Villages. Student have inquired regarding Health Assessment. During the health assessment students have inquired regarding which diseases person is suffering. As per that they have been sent to VCT hospital for further treatment. Survey was done in Villages like Umrachhi, Bhadol, Kimamali, Mulad, Kadrama, Anith etc. Advice regarding prevention of the disease was also given. This was done under the Guidance of Senior Medical Office Dr. Khusboo Solanki and House Physician Dr. Radha Patel.

### Community Acquired Camp



Camp at Village–Mulad (03/07/2021) and Bhadol (07/07/2021) Community Acquired Camp was done at Muladand Bhadol Village. Health check up, Free Laboratory Investigation, Homeopathic and Physiotherapy treatment was given. More then 100 patients have taken the benefit of it. Principal Dr. Vipul Shastri Dr. Radha Patel, Dr. Cheitali has given their services. Campus Director Shri Mukundbhai Patel has given Guidance for the organization of the camp.



Gurupurnima Day Celebration

Celebration of Gurupurnima Day by students on Dt. 23-7-2021 in traditional way to give respect their GURU by students of VHMC & RC. Chief guest of the function was, Trustee of Institute Mr. Hirenbhai Patel and Guest of Honor was Campus Director Mr. Mukundbhai atel and Academic Director Dr. Ajay Shah. Students have celebrated the function in traditional Indian style. They have taken the blessing of the teachers. Function was organized by students at Seminar Hall of Vidhyadeep Campus.







**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in